Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-2, September-2023
www.researchguru.net

# બુનિયાદી શિક્ષણ સંસ્થા તરીકે લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, સણોસરા

**જીતેન્દ્ર પારધી**
રીસર્ચ સ્કોલર, શિક્ષણશાસ્ત્ર, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

***સારાંશ***

*ગાંધીજીએ ભારતની સ્વતંત્રતા સંગ્રામમાં શિક્ષણની મહત્વપૂર્ણતાને મની અને તેમના સહકાર્યકોએ નવી શિક્ષણ પ્રણાલી સ્થાપી. 1937માં, ગાંધીજીએ ગ્રામાભિમુખ કેળવણીનો આદર્શ આપ્યો, જ્યારે તેમના સહકાર્યકો નાનાભાઈ ભટ્ટ અને મનુભાઈ પંચોળીએ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં શરૂ કર્યું. આવેલી છે. આવી પ્રયત્નાઓથી ગાંધીજીની શિક્ષણમાં મહત્વની માન્યતા મળી અને શિક્ષણનો તંત્ર પ્રાયોગિક પ્રમાણે સાબિત થયો.*

*ડૉ. રાધાકૃષ્ણન શિક્ષણપંચના સભ્ય ડૉ. મૉર્ગને 'ગ્રામ-વિદ્યાપીઠ'ની જરૂરિયાત અને સ્વરૂપ અંગે અલગ નોંધ મૂકી હતી; તેણે ગ્રામ ઉચ્ચ શિક્ષણના વિચારને ચાલના આપી. ઉત્તર બુનિયાદી શાળાના વિદ્યાર્થીઓને ચાલુ કૉલેજોમાં પ્રવેશ મળતો ન હતો. ગ્રામ ઉચ્ચ શિક્ષણની માંગ હતી. તેથી ઉપલા તબક્કાના પ્રયોગો જરૂરી હતા. આ સઘળાંના ફળસ્વરૂપે સણોસરા (તા. શિહોર, જિ. ભાવનગર) ગામમાં દક્ષિણ દિશામાં દોઢ કિલોમીટર દૂર, ટેકરીઓની તળેટીમાં બુદ્ધ જયંતી 28મી મે 1953ના દિને લોકભારતી ગ્રામવિદ્યાપીઠની સ્થાપના થઈ. જે ગાંધીજીના રચનાત્મક કેળવણીના ખ્યાલને લઈ ગ્રામાભિમુખ કેળવણીનું કામ કરતી ગુજરાતની સુપ્રસિદ્ધ શિક્ષણસંસ્થા છે, તેના પર આ શોધપત્ર તૈયાર કરવામાં આવ્યું છે.*

***ચાવીરૂપ શબ્દો:*** *લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, સણોસરા, બુનિયાદી શિક્ષણ, રચનાત્મક કેળવણી*

## 1 પ્રસ્તાવના

ગાંધીજીએ ભારતની સ્વતંત્રતા સંગ્રામની મુખ્ય દિશામાં શિક્ષણની મહત્વપૂર્ણતાને સમજીને તેમની સ્વરાજ્યની રચનામાં યોગદાન આપ્યો. તેમના પ્રબંધન અને દર્શન હેતુને પ્રકટ કરવા માટે, તેમના સહકાર્યકો નાનાભાઈ ભટ્ટ અને મનુભાઈ પંચોળીનું મહત્વપૂર્ણ યોગદાન ગણવામાં આવ્યું (ગજ્જર, 2007: 49-51).

1937માં, ગાંધીજીએ ગ્રામાભિમુખ કેળવણીનો આદર્શ આપ્યો, જ્યારે તેમના સહકાર્યકો નાનાભાઈ ભટ્ટ અને મનુભાઈ પંચોળી દ્વારા ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં શરૂ કર્યો. આ પ્રયાસમાં, ગાંધીજીએ ગ્રામસમાજને ઉચ્ચ શિક્ષણની મહત્વપૂર્ણતાનું સમજાવ્યું અને તેમના સહકાર્યકોએ નવા શિક્ષણ પ્રણાલીની રચના અને અભ્યાસક્રમોનું વિકસત કર્યું (ગજ્જર, 2007: 63-64).

ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં ગાંધીજીની પાસેથી વિશેષ યોગદાન મળ્યો. ગ્રામસમાજ માટેની વિદ્યાની મહત્વની ઉપાસના માંથી ગ્રામપ્રજાને શ્રેષ્ઠ શિક્ષણ મળ્યું. તેમના સહકાર્યકોએ સમાજમાં શિક્ષણ અને સંસ્કૃતિની મૂળમંત્રોને ફેલાવ્યા અને તેમનું સમાજમાં વિકસન સાધાયું.

આ પ્રયાસો પછી, ગુજરાતના વિવિધ પ્રદેશોમાં ગાંધીજીના આદર્શો પર આધાર રાખી અને વિવિધ ઉત્તર બુનિયાદી શાળાઓનું સ્થાપન કરવામાં આવ્યું. આનંદ, જૂનાગઢ, પોરબંદર, સુરત, અને અનેક અન્ય સ્થળોએ આવેલી છે. ગાંધીજીની આ પ્રયત્નો ને પ્રામુખ્યપૂર્ણ રીતે આપેલી ગણતરી માટે તેની માન્યતા મળી અને શિક્ષણનો તંત્ર પ્રાયોગિક પ્રમાણે સાબિત થયો.

## 2. સંશોધનનો અભિગમ

ઈતિહાસના અભ્યાસુ તરીકે

ઐતિહાસિક અભિગમના ભાગરૂપે સમાજનાં વિકાસમાં કયાં તથ્યોકે કારણોનું યોગદાન રહ્યું છે, જેણે કૃષિ સમાજની સ્થાપના કરી સમાજમાં વિવિધ સંસ્થાગત માળખાઓ સંગઠનોને જન્મ આપ્યા તેનું કાળક્રમ મુજબ વિશ્લેષણ કરીને તેની જાણકારી મેળવવા માટે ઐતિહાસિક અભિગમોનો આધાર લેવામાં આવ્યો અને તેના આધારે ગ્રામીણ માળખું આર્થિક, સામાજિક, રાજનૈતિક વ્યવસ્થા, ભૂમિસ્વામિત્વ વગેરેના અભ્યાસો કરવામાં આવ્યાં.

**3. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં- લોકભારતી.**

ભાવનગરમાં ઇ. સ. 1910માં ત્યાંની પ્રખ્યાત શામળદાસ કોલેજના ઇતિહાસ અને અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક સ્વ. શ્રી નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ હતા. આ વિદ્વાન પ્રો. ભટ્ટને વર્ગમાં પોતાના વ્યાખ્યાનો આપતા આપતા એકવાર તેમને વિચાર થયો કે આ રીતે હું વ્યાખ્યાન આપ્યું જાઉં, વિદ્યાર્થી તે સાંભળતા રહે અને પછી સૌ –સૌને ઘેર. આમાં શિક્ષણ દ્વારા જીવનનું ઘડતર કઇ રીતે થાય? કયાંથી થાય? એટલે એમણે વિચાર કર્યો કે મારે જે શિક્ષણ દ્વારા બાળકોનું –યુવાનોનું ઘડતર થાય તેવું સ્વપ્ન કોલેજના પ્રાધ્યાપક તરીકે સિધ્ધ નહીં કરી શકું? ઘડતર તો વિદ્યાર્થીનું માનસ, કૂમળુ-સંસ્કાર ઝીલી શકે એવી ઉંમરનું હોય ત્યારે જ તેને પ્રાધ્યાપક પોતાની પાસે સાથે રાખી પોતાના બાળકોની જેમ સાચવે, સંભાળે અને પોતાના જીવન દ્વારા જ શિક્ષણ આપે તો જ એ દિશામાં સફળતા મળે. એ વિચારે એમણે આ છાત્રાલય શરૂ કર્યું (પંડિત, 2023). પોતાના મિત્રોના –પરિવારના નાના બાળકોને પોતાની ભેગા રાખ્યા અને ચોવીસે કલાક પોતે અને બાળકો સાથે જીવન જીવતા રહ્યા. ઘરના સંસ્કાર જુદાજુદા કુટુંબના બાળકોને તો એક સાથે રહેવા માટેના છાથાલયમાંથી જ મળે. એટલે નાનાભાઇ છાત્રાલયના ગૃહપતિ થયા અને ધીમેધીમે એમાં વધારેને વધારે જોતરાતા ગયા. એ વાતમાં તેઓ ગૃહપતિ તરીકે કોઇ માણસને રાખતા. આ કામની શરૂઆત ઈ. સ. 1910 માં કરી (દવે, 2012: 21).

બે વર્ષ આ રીતે કામ ચાલ્યા પછી એમને લાગ્યું કે હું કોલેજમાં મારી નોકરી ચાલુ રાખું અને છાત્રાલયનું સંચાલન બીજા નોકરિયાત મારફત કરાવું, તેથી મારો આદર્શ સિદ્ધ ન થાય. એટલે એમણે મનથી નક્કી કર્યું કે હું હવે પ્રાધ્યાપકની નોકરી છોડીને ચોવીસેય કલાક બાળકો સાથે રહું. અને અમારું જીવન એક સાથે જ જિવાય. 1912માં તેમણે નોકરી છોડી. આ એક સમજવા જેવી વાત છે કે મહીને રૂા. 250 ના (તે દિવસના 250 એટલે આજના ર૫, 000 ખરાજ) પગારવાળા પ્રાધ્યાપકે જોત-જોતમાં પોતાની આ નોકરી છોડી અને પોતાની સંસ્થામાં (જેનું નામ શરૂઆતથી જ નાનાભાઇના ગુરુદેવ શ્રીમન્ નથુરામ શર્માના ઇષ્ટદેવ દક્ષિણામૂર્તિ ભગવાન પરથી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન રાખેલું) એટલે એક અર્થમાં મોટા પગારદાર નૃસિંહપ્રસાદ તેનાથી પાંચમાં ભાગના પગાર લેતા નાનાભાઇ બન્યા (સલ્લા, 2005).

નાનાભાઇના ગુરુભાઇ હરગોવિંદદાસ પંડયા એ બે વચ્ચે સગાંભાઇ સ્નેહ જેવો સંબંધ હતો. એ કારણે પણ હરગોવિંદભાઇ મોટાભાઇ અને નૃસિંહપ્રસાદ નાનાભાઇ કહેવાયા ત્યારથી પોતાનું નામ

કાયમ માટે નાનાભાઇ ભટ્ટ તરી નાખ્યું. ધીમે-ધીમે દક્ષિણામૂર્તિ ભવન વિકસતું ગયું. ઈ. સ. 1914-15માં સંસ્થામાં માધ્યમિક વિભાગ પણ થયો. તે વખતે આચાર્ય તરીકે ગિજુભાઇ બધેકા આવ્યા. મદદનીશ તરીકે હરભાઇ આવ્યા. આ ત્રિપુટીએ પશ્ચિમમાંથી આવેલા કેળવણી વિષયક (સુરેશ, 2013) – નૂતન વિચારોને ધીમે–ધીમે મૂર્ત કર્યા અને ત્યારથી દક્ષિણામૂર્તિ નવી કેળવણીની સંસ્થા તરીકે મશહૂર બની. ગિજુભાઇએ ઈ. સ. 1920થી મોન્ટેસરી પદ્ધતિ દ્વારા બાલશિક્ષણની શરૂઆત તરી. જે જોતા-જોતામાં ગુજરાત ભરમાં પ્રસરી ગઇ અને આજે પણ અનેક બાળ– શિક્ષકો દ્વારા સરસ રીતે ચાલે છે. તેવી જ રીતે હરભાઇએ માધ્યમિક શિક્ષણમાં ડોલ્ડન યોજના દાખલ કરી. નૂતન શિક્ષણ બનાવ્યું. ગાધીજી ઈ. સ. 1915માં હિન્દુસ્તાનમાં આવી ગયેલા. તેમના વિચારોથી ત્રણેય મિત્રો પ્રભાવિત થયેલા. ઈ. સ. 1916માં ગાંધીજી ભાવનગરમાં અન્ય પ્રસંગે આવેલા. ત્યારે તેઓ દક્ષિણામૂર્તિ જોવા પર આવ્યા હતા. ગાંધીજીને આ પ્રવૃત્તિ ગમી. ત્યારથી સંસ્થા વિચારધારા પ્રમાણે વિકસાવા લાગી એમ કહી શકાય. સંસ્થામાં ખાદી-શ્રમ અને અભ્યાસક્રમમાં પણ ઉદ્યોગ કે કળાનો વિષય લઇને વિનીત થવું, એવું નક્કી થયું. આરીતે આખી સંસ્થા ગાંધી–વિચાર ચાલવા લાગી. ગાંધીજીએ હિંન્દુસ્તાનમાં આવીને જાહેર કરેલું કે સાચું હિન્દુસ્તાન ગામડાંઓમાં જ વસે છે, પણ ગામડાંમાંથી બુદ્ધિશાળી વર્ગ ધીમે-ધીમે શહેરમાં વસવા લાગ્યો છે. તેને કારણે ગામડાંનું બુદ્ધિધન શહેરમાં તણાઇ જાય છે. અને ગામડાં તો એમાંએ ગરીબ અને અજ્ઞાન રહે છે. આ સ્થિતિ સુધારવા માટે ગાંધીજીએ હાકલ કરીકે સુશિક્ષિત-બુદ્ધિજીવીઓએ શહેર છોડી ગામડાંમાં વસવા જવું જોઇએ. ગામડાંના બની જવું જોઇએ. અને ગામડાંના ઉત્થાનનું કામ કરવું જોઇએ. ગાંધીજીની આ હાકલ નાનાભાઇના હૈયે વસી ગઇ હતી અને તેઓ ધીમે-ધીમેધીમે પણ ભાવનગરથી શિક્ષણ – પ્રવૃત્તિ માંચે કોઇ ગામડાંમાં સ્થિર થવા માગતા હતા. તેમની ઇચ્છા તો આખી ભાવનગરની સંસ્થાને ગામડાંમાં ફેરવી નાખવાની હતી. પણ નાનાભાઇના બધાંજ સાથીદારે આ ફેરફાર માટે તૈયાર ન હતા. નાનાભાઇ તો ગામડાંમાં જવાના કૃતનિશ્ચયી હતા. એટલે કવિવર ટાગોરની કવિતા મુજબ “તારી જો હાક સુણી કોઇ ના આવે તો એકલો જાને રે"- ઉપદેશ મુજબ પોતે સંસ્થા છોડીને ગામડાંમાં જવાનું નક્કી કર્યું. તે માટે ઈ. સ. ૧૯૩૮માં આંબલા ગામમાં સંસ્થા શરૂ કરી. મનુભાઇ પંચોળી અગાઉ નાનાભાઇ સાથે રહી ગયેલા. તેનાથી આકર્ષિત થયેલા. તેમણે કહી રાખેલું કે જ્યારે તમે ગામડાંમાં જાવ ત્યારે હું તમારી સાથે આવીશ. મનુભાઇ તેમના બોલ પ્રમાણે તા. 01-07-1937 થી આંબલા ગામમાં આવી વસ્યા (ગજ્જર, 2007: 68-71).

આંબલા-તે જમાનામાં રેલ્વે લાઇન પણ ન હતી તેવું ગામ, ભાવનગરથી 32 કિ. મી. દૂર આવેલ આ ગામમાં નાનાભાઇએ ગ્રામલક્ષી બુનિયાદી શિક્ષણની સંસ્થા શરૂ કરી. તે સમારંભ માટે ભાવનગર ટ્રેનમાં નાનાભાઇ મહેમાનોને લઇને બજુડ સ્ટેશન ઊતર્યા. ઉદ્દઘાટન કાઠિયાવાડ રાજકીય પરિષદના તે વખતના પ્રમુખ દરબાર સાહેબે કર્યું. ઢેબરભાઇ, હરભાઇ જેવા સૌરાષ્ટ્રના અગ્રણીઓ ઉપરાંત ભાવનગર

રાજ્યના અધિકારીઓ પણ હાજર રહેલા (પંડિત, 2023).

નાનાભાઇએ આ સંસ્થાને લોકશાળા નામ આપ્યું. ડેન્માર્કની 'FLOK SCHOOL' અંગે વાંચ્યું હતું. આપણા ખેતી પ્રધાન દેશને આવી લોકશાળાની કેળવણી વધુ માફક આવે તેવું તેમને લાગતું હતું (ગોંડલિયા, 2013: 25-27). તેમના આ દિશાના વિચારોને ગાંધીજીની બુનિયાદી તાલીમની વિચારધારાએ વેગ આપ્યો. આ અરસામાં જ મુંબઇ સરકારની કેળવણીની એક સલાહકાર સમિતિમાં તેમણે લોકશાળાની કલ્પના રજૂ કરી હતી અને સમિતિ સહમતીની મેળવી હતી. આંબલામાં તેમની આ કલ્પના હવે સાકાર થઇ. છતાં તેમની આ સંસ્થા ડેન્માર્ક ઢબની શાળા કે ગાંધીજીની ઉત્તર બુનિયાદી શાળા કરતાં વિશિષ્ટ હતી. નાનાભાઇ તે અંગે જણાવે છે, આ લોકશાળા ડેન્માર્ક ઢબની લોકશાળા પણ નહીં. તેમજ ગાંધીજીની ઢબની ઉત્તરબુનિયાદી શાળા પણ ન હતી. અમારે તો આંબલામાં ને સૌરાષ્ટ્રમાં ખેડૂત વર્ગના જે વિદ્યાર્થીઓ પડયા હતા તે વિદ્યાર્થીઓ, જે મા-બાપો પડયા હતા તે મા-બાપો, જે રાજ્યો પડયા હતા તે રાજ્યો ને જે વાતાવરણ પડયું હતું તે વાતાવરણને ધ્યાનમાં રાખીને ગામડાંનાં વિદ્યાર્થીઓના જીવનને બંધ બેસે ને ગામડાઓને સારા, સમજુ, માણસાઇભર્યા, શ્રમજીવી ગામડિયા પૂરા પાડી શકે એવી સંસ્થા ઊભી કરવાનો અમારો મનોરથ હતો.

ગ્રા. દ. મૂ. ના સ્થાપના કાળે તો અંધારામાં કૂદકો મારવા જેવું હતું. કેમ કે સૌરાષ્ટ્રમાં આ પ્રકારની કોઇ બુનિયાદી તાલીમશાળા કે તેની નિશ્ચિત પરિપાટી હતી નહીં. સરકારી હાઇસ્કૂલો સિવાય બીજા પ્રકારની ને વધુ સારી શાળા હોઇ શકે તેવો ખ્યાલ ભણેલા કે અભણ કોઇને ન હતો. તે સમયે આમેય શિક્ષણનું પ્રમાણ ઓછું હતું. બ્રાહ્મણ-વાણિયાનાં બાળકો મુખ્યત્વે ભણે, ખેડૂતોના છોકરાઓ તો ભણે જ નહીં. ભણે તો બહુ તો ચાર ધોરણ સુધી, આગળ ભણવું હોય તે શહેરમાં જ્ઞાતિની બોર્ડીંગમાં રહીને ભણે. તેમાં વળી આ નવા પ્રકારની શાળા શ્રમ સાથે ભણાવાય. શ્રમને અને શિક્ષણને વળી શી લેવા-દેવા? એવો લોકોને સજ્જડ ખ્યાલ. ભણે એ કામ ન કરે ને એક બી જેવી વાત મનાતી. તેથી નાનાભાઇની લોકશાળામાં ભણવા આવવાનો કોઇને ઉત્સાહ ન હતો. શરૂઆતમાં નાનાભાઇને આસપાસનાં ગામડાંઓમાં વિદ્યાર્થીઓ શોધવા નીકળવું પડતું. આજે તો આ સંસ્થમાં પ્રવેશ મેળવવાનું મુશ્કેલ બન્યું છે.

આ પરિવર્તન કે સફળતા એમને એમ નથી આવ્યા. તેની પાછળ આપણાં ધુરંધર, અસાધરણ શિક્ષક પ્રતિભા ધરાવનારાઓનાં સમગ્ર જૂથની મહેનતછે, પુરૂષાર્થ છે. ગ્રા. દ. મૂ. ગુજરાતનાં શિક્ષણ ક્ષેત્રે અનેક નવી ભાત પાડી.

નાનાભાઇ ભટ્ટ શિક્ષણના ક્ષેત્રે જે ત્રીજું મહત્વનું કદમ ભર્યું તે હતું-લોકભારતી ગ્રામ વિદ્યાપીઠની ગામડાંમાં જ પોતાના વારસાગત ખેતીની ઉદ્યોગમાં જોડતા આંબલા અને તે પ્રકારની સંસ્થાઓમાં ભણેલા વિદ્યાર્થીઓને કોલેજ કક્ષાનું શિક્ષણ મળે તે માટે નાનાભાઇ, મનુભાઇ તથા તેમના સાથી કાર્યકરો વિચારતા હતા. સ્વાતંત્ર બાદ વિવિધ ક્ષેત્રોમાં ગ્રામસમાજ સેવા સરકારે શરૂ કરી હતી. તેથક્ષ પણ આ પ્રકારનું શિક્ષણ જરૂરી બન્યું હતું. ગામડાંના શિક્ષિત યુવાનો ગામડાંનું નેતૃત્વ લઇને

લોકોને પ્રવૃત્તિને માર્ગે દોરી જઇ શકે તેવી અપેક્ષા રહેતી હતી. તેથી ખેતી અને પશુપાલનના પાયાના ઉદ્યોગો સાથે ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા કેમ ન ગોઠવવી? તે દિશામાં વિચારણા રશરૂ થઇ (દવે, 2012: 28-31).

ઇ. સ. 1948માં ભારત સરકારે શ્રી એસ. રાધાકૃષ્ણન્ કમિશન નીમ્યું. આ કમિશને સ્વતંત્ર ભારતની જરૂરિયાતો લક્ષમાં રાખીને પ્રવર્તમાન શિક્ષણ પદ્ધતિમાં સુધારા સુચવવાના હતા. આ કમિશને તેના રિપોર્ટમાં ડો. એ. ઈ. મોર્ગને (ટેનેસી વેલી ઓથોરીટીના ચેરમેન) ભારતના પછાત ને કંગાળ ગામડાંનાં પુનઃ નિર્માણ માટે ગ્રામ વિદ્યાપીઠ અંગે કરેલી નોંધ પણ ઉમેરી. ઈ. સ. 1952-53માં ગુજરાત-સૌરાષ્ટ્રના નઈ તાલીમના રચનાત્મક કાર્યકરો એકઠા મળ્યા અને તેમણે ગ્રામવિદ્યાપીઠની ભલામણોનું સમર્થન કર્યું. પરંતુ આ વિચારને અમલમાં મૂકવાનું સહેલું ન હતું. કેમ કે મકાનો, સાધનો અને નિષ્ઠાવાન કાર્યકરો જરૂરી હતા. આ પડકાર માટે નાનાભાઇ ભટ્ટ જેવા અનુભવી કેળવણીકારને પસંદ કરવામાં આવ્યા (ગજ્જર, 2007: 70). 71 વર્ષની વયે નાનાભાઇએ યુવાનને પણ શરમાવે તેવી રીતે આ ભારે જવાબદારી વહન કરી. આ મંથનના પરિણામે લોકભારતીનો જન્મ થયો. તા. 28-05-1953 ના રોજ બુદ્ધજયંતિ વૈશાખી પૂર્ણિમાને દિવસે આચાર્યશ્રી કાકાસાહેબ કાલેલકરના હાથે આંબલાથી 9 કિ. મી. દૂર સણોસરા ધર્મશાળામાં ઉદ્ઘાટન સમારંભ થયો સૌરાષ્ટ્ર રાજ્યના તાત્કાલિન મુખ્યમંત્રી શ્રી યુ. એન. ઢેબરે આ નવા શૈક્ષણિક સાહસને અકિંચન બ્રાહ્મણની અમૂલ્ય ભેટ ગણાવી (સુરેશ, 2013). "

**4. નાનાભાઇના વિચાર**

1. આંબલામાં જે બુનિયાદી શિક્ષરનો પ્રયોગ માધ્યમિક કેળવણી માટે કર્યો હતો તે હવે ઉચ્ચ શિક્ષણ માટે કરવો.
2. ગામડાંઓમાં અનેક નેતાઓ ઉત્પન્ન કરવાની સામગ્રી પડી છે. તે ઢંઢોળીને નેતાગીરી પૂરી પાડવી.
3. દક્ષિણામૂર્તિ અને ગ્રા. દ. મૂ. એ કેળવણીના ક્ષેત્રે પ્રયોગો કારને જે કેટલાંક સિદ્ધિઓ મેળવી હતી. જેમકે શિક્ષા(સજા-દંડ)ની સદંતર નાબૂદી, ઇનામ અને હરિફાઇનો ત્યાગ, જુદા પ્રકારની પરીક્ષા, વિદ્યાર્થીઓ ઉપર વિશ્વાસ, સ્વાતંત્ર, સહશિક્ષણ વગેરે સિદ્ધિઓને ઉચ્ચ વિદ્યાનાં ક્ષેત્રમાં પણ જાળવવી અને વિકસિત કરવી.
4. ગ્રામભિમુખતા આ વિદ્યાપીઠનું મુખ્ય અંગ બને. વિદ્યાર્થી શહેરમાંથી આવ્યો હોય કે ગામડાંમાંથી, તેનું મોંઢુ ગામડાં તરફ રહે. સમગ્ર દેશનાં ઉત્થાનનું કેન્દ્ર ગામડું છે તે ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમ ગોઠવાય.
5. કોઇપણ વિષયના અભ્યાસમાં ઊંડાણ સાથે માનવતાનું મૂળભૂત શિક્ષણ મળવું જોઇએ. વિદ્યાનું શીલ સાથે સંધાણ થવું જોઇએ. વળી, પોતાને મળેલ વિદ્યાનો લાભ વિદ્યાર્થી સમાજને આપે તેવી ભાવના રાખે.
6. માનવના જીવનમાં બુદ્ધિવિકાસ જેટલો જ શ્રમનો પણ મહિમા સ્થાપિત થાય તે માટે વિદ્યાર્થી હંમેશાં દોઢ-બે કલાક સમાજ ઉપયોગી ઉત્પાદક શ્રમ કરે અને એ રીતે પોતાના શિક્ષણના ખર્ચમાં પણ થોડો ફળો આપે એવી યોજના કરવી.

મૂળમાં લોકભારતીની કલ્પના એ કે તેના વિદ્યાર્થીઓ દેશના નવઘડતરમાં ફળો આપે. પણ તે માટે વિદ્યાથર્સ પોતે પહેલા ઘડાયેલો હોવો જોઇએ. આ માટે છાત્રાલય,

સમૂહ જીવન, શ્રમ પ્રધાનતા, વિદ્યાથર્થી–શિક્ષકોના ઘનિષ્ઠ સંબંધો, એક બીજા માટે ઘસાવાની કૌટુંબિક ભાવના રાખીને આ સંસ્થા સ્થાપવામાં આવી.

**5. ઉપસંહાર**

લોકભારતીને બે બાબતો વારસામાં મળી હતી. તેની પૂરોગામી બે સંસ્થાઓનો તે વારસો હતો.

1. ભાવનગરના દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન દ્વારા શિક્ષણમાં રચેલો નવો ચીલો-જેમાં શિક્ષણ અને વિદ્યાર્થીના સૌહાર્દભર્યા-આત્મીય સંબંધો તથા સ્કૂલ અને છાત્રાલય યુકત અને નિર્ભય વાતાવરણ મુખ્ય હતા.
2. ગ્રામ દક્ષિણામૂર્તિ આંબલા-મણાર દ્વારા બૌદ્ધિક કામ સાથે સમજ ઉપયોગી ઉત્પાદક શ્રમનું અનુસંધાન જે ગામડાંના યુવાનને શારીરિક રીતે સક્ષમ કરી ગામડાંમાં અને ગામડાં માટે જીવવા પ્રરે તથા તે દ્વારા ગ્રામજન સમાજ સમક્ષ એક ઉપયોગી દ્દષ્ટાંત પૂરૂં પાડે.

ગ્રામ દક્ષિણામૂર્તિ વાસ્તવમાં ભાવનગરની દક્ષિણામૂર્તિની શાખા તરીકે સ્થપાઇ હતી. હવે લોકભારતી ગ્રા. દ. મૂ. ની બુનિયાદી કેળવણીનાં સ્વાભાવિક વિકાસક્રમમાં સ્થપાઇ. આ ત્રણેય સંસ્થાઓમાં મૂળગત સંબંધ રહેલો હોવાથી ત્રણેયમાં માગશર વદ ૧૨ને વાર્ષિક દિન તરીકે ઉજવવામાં આવે છે, જે ભાવનગરની સંસ્થાનો સ્થાપનાદિન છે.

**સંદર્ભસૂચિ**


- ગજ્જર, શ્રીધર કુમાર. (2007), લોકભારતી સણોસરા દ્વારા પશુપાલન (સંવર્ધન)ના પ્રદાનથી આજુબાજુના ગામડાંઓ પર થયેલ સામાજિક અને આર્થિક વિકાસની અસરો. ભાવનગર: સમાજશાસ્ત્રભવન, ભાવનગર યુનિવર્સિટી
- ગોંડલિયા, ઉમેશદાસ આર. (2013) “1953 - લોક ભારતી ગ્રામ વિદ્યાપીઠ, સણોસરા, ભાવનગર જિલ્લો, ગુજરાત, ની સ્થાપના”. ‘પરબ’, ગુજરાતી સાહિત્ય પરિષદ, જૂન, 2013
- દવે, રમેશ (2012). લોકભારતી ગ્રામવિદ્યાપીઠ. અમદાવાદ: સંસ્કાર સાહિત્ય મંદિર
- પંડિત, મૂકેશ (2023). "લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરાની મુલાકાત લેતા અધિકારીઓ પ્રભાવિત થયા" Retrieval on 22-08-2023 from https://www. sushasan. in/news-detail. aspx?id=88059
- સલ્લા, મનસુખલાલ અને આરતી કસ્વેકર (2005). લોકભારતી ગ્રામવિદ્યાપીઠ. Retrieval on 22-08-2023 from https://shorturl. at/mvKU5
- સુરેશ, (2013). ‘લોકભારતી ગ્રામવિદ્યાપીઠ’- પુસ્તક પરિચય. જુલાઇ 21, 2013. Retrieval on 22-08-2023 from https://sureshbjani. wordpress. com/ 2013/07/21/lok_bharati/